| રજુ તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ | | |
|---|---|---|---|
| નોંધ્યા તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૦૬/૦૨/૨૦૨૩ | | |
| સમય | દિવસ<br>૨૩ | માસ<br>૦૧ | વર્ષ<br>૦૦ |

**GJBK040044062022**

---

ડીસાના મહેરબાન એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
**શ્રી ઈન્દ્રજીતસીહ ભાટી સાહેબની કોર્ટમાં,**
મુકામ – ડીસા.

---

ક્રિમી.પર. અરજ નં. ૩૩૭/૨૦૨૨
આંક.

**અરજદાર** : દિનેશકુમાર રૂપાજી માળી–કચ્છવા
ઉ.વ.પુખ્તવચના, ધર્મ–હિન્દુ માળી, ધંધો: ખેતી–વેપાર,
મુળ રહે. માલગઢ,તા.ડીસા, જિ.બનાસકાંઠા.
હાલ રહે. વંદના બંગ્લોઝ,પાલનપુર હાઈવે,
તા.ડીસા,જી.બનાસકાંઠા.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : (૧) પ્રિન્સીપાલશ્રી,
માલગઢ પે.કેન્દ્ર શાળા,માલગઢ,
મું.માલગઢ,તા.ડીસા, જિ.બનાસકાંઠા.

(૨) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી,
મું.પાલનપુર,તા.પાલનપુર,જી.બનાસકાંઠા.

---

**બાબત:–ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૨(એ) કલોજ–૬ મુજબ અરજ**

---

અરજદાર તરફે વિ. વકીલ શ્રી એ.એલ.પઢીયાર
સામાવાળા તરફે :-

---

**-:(ચુકાદો):-**

(૧) અરજદારે હાલની અરજી કરી જણાવેલ છે કે, તેઓ ઉપરોકત સરનામે રહે છે અને ખેતી તથા વેપાર કરી તેઓના પરીવારનું ભરણપોષણ કરે છે. આ કામના સામાવાળા કાયદાકીય રીતે સ્થાપાયેલ સંસ્થા છે. અરજદારનો છેલ્લો અભ્યાસ સામાવાળા નં.૧ વાળી સંસ્થામાં થયેલ છે અને ત્યાંથી તેઓએ શાળા છોડયાનું પ્રમાણપત્ર પણ લીધેલ છે. તેઓની શાળા છોડયાના પ્રમાણપત્રમાં તેઓનો ધર્મ અને જાતીના કોલમમાં સ્લીપ ઓફ પેન થી''હીન્દુ માળી'' ની જગ્યાએ '' હિન્દુ મારવાડી માળી'' લખાયેલ છે પંરતુ તેઓ સદીઓથી ગુજારાતના નિવાસી છે પરંતુ તેઓના વડીલો જે તે વખતે અભણ અને કાયદાની અજ્ઞાનતા ના કારણે તેઓના જાતીના કોલમમાં ''હિન્દુ માળી'' ની જગ્યાએ ''હિન્દુ મારવાડી માળી'' લખાઈ ગયેલ છે અને જે સ્લીપ ઓફ પેનથી થયેલ ભુલના પરીમાણે તેઓના સંતાનોને સરકારી/અર્ધસરકારી કચેરીઓમાં ખુબજ અગવડતા પડતી હોય છે. અરદજારના સંતાનોને ઉચ્ચ અભ્યાસ કરવા માટે અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રની સરકારી કામકાજ અર્થે જરુર હોઈ, તેઓના શાળા છોડયાના પ્રમાણપત્રના દાખલામાં તરીકે સુધારો કરવા માટે હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં અરજદાર જણાવે છે કે, તેઓએ સામાવાળી સંસ્થા નં.૧ વાળામાંથી શાળા છોડયાનો દાખલો લીધા પછી તેઓએ અન્ય કયાંય પણ એડમીશન લીધેલ નથી કે એડમીશન લેવા માટે ઉપયોગ કરેલ નથી. આમ અરજદારે હાલની અરજી દાખલ કરી, તેઓના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ અને ધર્મના કોલમમાં ''હિન્દુ મારવાડી માળી'' ના બદલે '' હિન્દુ માળી'' તરીકેનો તેઓના શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરી, ''હિન્દુ માળી લખેલ નવુ શાળા છોડયાના પ્રમાણપત્ર ઈશ્યુ કરવાનો ન્યાયના હિતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદાર તરફે સદરહું અરજી દાખલ થતાં, અત્રેની અદાલત દ્વારા આંક–૧ લગત હુકમ કરી, સદરહું અરજી રજીસ્ટરે લેવાનો હુકમ કરેલો.

(૩) સદરહું અરજી અન્વયે આ કામના સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ છે. જે બજી જતાં સામાવાળા નં.૧ તથા નં.ર અદાલત સમક્ષ હાજર થયેલ છે.

(૪) ત્યારબાદ સદરહું અરજીના કામે અરજદાર તરફે તેમની અરજીમાં પ્રસ્થાપિત કરેલી હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

| ક્રમ | –:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::– | આંક |
|---|---|---|
| ૦૧. | સામાવાળા નં.૧ તરફે શોભનાબેન નરોતમદાસ મોદીની જુબાની | ૩ |
| ૦૨. | શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ | ૪ |

(૫) ઉપરોકત પુરાવા સિવાય અરજદાર તરફે વધુ કોઈ મૌખિક કે, દસ્તાવેજી પુરાવો રજુ ન કરવા બાબતે આંક–૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારે દસ્તાવેજી લીસ્ટથી નામ. ગુજરાત હાઈકોર્ટ સ્પે સીવીલ એપ્લીકેશન નં. ૬૩૯/૨૦૧૮ નું જજમેન્ટ રજુ કરેલ છે.વધુમાં આ કામે અરજદારે દસ્તાવેજી લીસ્ટથી અરજદારના પુત્રના સ્કુલ છોડયાના પ્રમાણપત્રો રજુ થયેલ છે. ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. અરજદારના વિ. વ. શ્રી એ રજુઆત કરીને જણાવેલ છે કે સદરહુ અરજી બીન પડકારેલ હોય અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ છે.

(૬) આ કામે સામાવાળા નં.૧ તરફે આચાર્ય શોભનાબેન નરોતમદાસ મોદીએ જુબાની આપેલ છે અને જુબાની દરમ્યાન તેઓ તેમની સાથે જનરલ રજીસ્ટરની ખરી નકલ સાથે લાવેલ છે જેમાં અનુક્રમ નં.૮૨૯ માં પ્રથમ કોલમમાં કચ્છવા દિનેશકુમાર રૂપાજી લખેલ છે તથા કોલમ નં.ર માં પેટા જાતિ કોલમમાં હિન્દુ મારવાડી માળી લખેલ હોવાની હકીકત જણાવે છે.

(૭) આમ ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેમજ સાહેદ શોભનાબે નરોત્તમદાસ મોદીએ રજુ કરેલ પુરાવા મુજબ એ બાબતે સ્પષ્ટ થાય છે કે, જનરલ રજીસ્ટરના કોલમ નં.ર માં હિન્દુ મારવાડી માળી લખેલ છે જયારે અરજદાર દિનેશકુમાર રૂપાજી કચ્છવા સ્કુલ છોડયાના પ્રમાણપત્રમાં પેટા જાતિના કોલમમાં હિન્દુ મારવાડી માળી લખેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ આ કામે રજુ થયેલ અરજદારના પુત્રોના શાળા છોડયાના પ્રમાણપત્ર જોતાં ધર્મ અને જાતિના કોલમમાં હિન્દુ માળી દર્શાવેલ છે. તે સંજોગોમાં અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રમાં ધર્મ અને જાતિના કોલમમાં હિન્દુ મારવાડી માળી લખેલ છે તેના બદલે હિન્દુ માળીનો સુધારો કરવો ન્યાયોચિત જણાય છે.

(૮) આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **ગુજરાત લો રીપોર્ટર ૨૦૦૭(૩),ના પાન નં. ૨૨૭૬ ઉપર રજુ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ઠાકોર નિલેશ શિશિરભાઈ વિ. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ અને બીજાઓના** ચુકાદાઓમાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલ ેશન ૧૯૭૪, જે નામ. અટક,જાતિ,ધર્મ, જન્મ સ્થળ અંગેના ફેરફારની કાયદામાં ચર્ચા કરવામાં આવેલ છે, તે જોતા તેમજ જાતિના ફેરફારને પણ રૂપાંતરીત કરવા અંગે જે નીયમો દર્શાવવામાં આવેલ છે તેને ધ્યાને લેતા જાતિમા સુધારો/વધારો કરી શકાય તેમ છે અને તે માટે જરૂી આદેશ જારી કરવામાં આવેલ છે. જેમાં તે બાબત પ્રસ્થાપિત કરવામાં આવી છે કે, આ અંગેના ફેરફાર માટે મેજીસ્ટ્રેટ ઈન્કવાયરી કરીને તે અંગેનું પ્રમાણપત્ર જારી કરી શકશે. સાથે સાથે સરકારને પણ જરુરી સુધારો કાયદામાં કરવા અંગે જણાવવામાં આવેલ છે અને અરજદાર તરફથી જરુરી આ પ્રકારના દસ્તાવેજો રજુ થયેથી મેજીસ્ટ્રેટે તે અંગેનું પ્રમાણપત્ર જારી કરવાનું રહેશે. નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો માનસહ વંચાણે લીધો છે અને તે મુજબ પ્રસ્તુત કામે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતાં અરજદારની જાતિની વિસંગતતા સીધેસીધી જણાય આવે છે અને તે જોતા જ્ઞાતિ અધિનીયમ મુબજ નોંધાયેલ હોય તેનો સ્વીકાર કરવો જોઈએ, તેમાં ન્યાયનું હીત સમાયેલ છે, તે રીતે તમામ સંજોગો ધ્યાને લેતા અરદજારની

હાલની અરજી મંજુર કરવામાં આવે તો તેમાં ન્યાયનું હીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>-: આખરી હુકમ :-</u>**

- અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.
- આથી આ કામના સામાવાળા નં.૧ પ્રિન્સીપાલ, માલગઢ પે.કેન્દ્ર શાળા, મું.માલગઢ તા.ડીસાને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ અરજદાર દિનેશકુમાર રૂપાજી માળી-કચ્છવા ના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અરજદારની ધર્મ અને જીતના કોલમમાં ''**હિન્દુ મારવાડી માળી**'' લખેલ છે તેના બદલે ''**હિન્દુ માળી**'' લખવાનો જરુરી સુધારો કરી શાળા છોડયાનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ડીસા.
તા.૬/૦૨/૨૦૨૩

**(ઈન્દ્રજીતસિંહ ભાટી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ડીસા
**Code No.-GJ01334.**